PGVCL

# ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ
પાવર હાઉસ કંપાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોનઃ ૦૨૮૩૨-૨૫૩૫૫૦ ફેક્સઃ ૦૨૮૩૨-૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com

નં:કેસી/સીજીઆરએફ/૨૦૧૮/ 132 તારીખ: 28/11/18

રજી. એ. ડી દ્વારા

પ્રતિ,
શ્રી સતુભા જોરૂભા જાડેજા,
ગામ: રામવાવ,
તા.-રાપર,
જી.કચ્છ

વિષય :- કેસ નંબર પીજી ૦૧/૦૦૬/૨૦૧૮-૧૯
સંદર્ભ:- આપની અરજી નોંધણી નં. પીજી ૦૧/૦૦૬/૨૦૧૮-૧૯

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારૂં.

(એસ એન વહોનીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,ભૂજ.
O/C

બિડાણ-ઉપર મુજબ

(૧) અધિક્ષક ઈજનેર, પીજીવીસીએલ, વર્તુળ કચેરી, ભુજ
(૨) અધિક્ષક ઈજનેર, પીજીવીસીએલ, વર્તુળ કચેરી, અંજાર
(૩) કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ભચાઉ
(૪) નાયબ ઈજનેર, પીજીવીસીએલ, પેટાવિભાગીય કચેરી, રાપર

........ ચુકાદાની નકલ સામેલ છે.ગુજરાત વિધુત નિયંત્રણ આયોગ(ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક ૨/૨૦૧૧ ની વિનિયમ નં ૨.૫૦ ફોરમે પસાર કરેલ આદેશ પરવાનેદાર અને ફરીયાદીને બંધનકર્તા રહેશે.તેમજ વિનિયમ નં ૨.૫૧ અનુંસાર સદર આદેશનું પાલન આદેશ મળ્યાના ૨૧ દિવસ ની અંદર કરવાનું રહેશે. જે અંગે વિનિયમ નં ૨.૫૨ અનુંસાર ફોરમ અને ફરીયાદીને પાલનની તારીખથી ૭(સાત) દિવસ અંદર ફોરમના આદેશ અંગે પાલન અહેવાલ રજુ કરવો. ફોરમના આદેશનું પાલન ન કરવાની બાબતે વિનિયમોના ભંગ ગણવામાં આવશે અને યોગ્ય ઉપાયાત્મક પગલાં માટે જવાબદાર બનશે જેની નોંધ લેશો.

Scanned by CamScanner

# ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ
પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોન:- ૦૨૮૩૨-૨૫૩૫૫૦ફેક્સ:- ૦૨૮૩૨-૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com

નં કેસી/સીજીઆરએફ/૨૦૧૮/ 132 તારીખ: 28/09/18

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.
No.PG-001-006-2018-19.

અરજદાર: શ્રી સતુભા જોરૂભા જાડેજા,
ગામ: રામવાવ, તા.-રાપર, જી.કચ્છ

રજૂઆત કરનાર: અરજદાર કે તેમના કોઈ પ્રતિનિધિ હાજર રહેલ નથી.

:: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યપાલક ઇજનેરશ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ભચાઉ
રજૂઆત કરનાર: (૧) શ્રી જે.વાય.રાવ, કા.ઇ., પીજીવીસીએલ,વિભાગીય કચેરી, ભચાઉ
(૨) શ્રી એન.પી.મહેતા,ના.ઈ.,પીજીવીસીએલ,પેટાવિભાગીય કચેરી,રાપર

:: ફોરમ ::

૧) શ્રી જે.બી. પારેખ, ચેરપર્સન
૨) શ્રીમતી એન એચ જોષી, સ્વતંત્ર મેમ્બર
૩) શ્રી એ.એસ.માંડલિયા, મેમ્બર ટેક

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હૉલ, પીજીવીસીએલ., વર્તુળ કચેરી, ભુજ.
તારીખ: ૦૬.૦૭.૨૦૧૮ / ૩૧.૦૮.૨૦૧૮



Scanned by CamScanner

## :: અરજદારની રજુઆત ::

૧.0 અરજદાર શ્રી સતુભા જોરૂભા જાડેજા ગામ: રામવાવ, તા.-રાપર, જી. કચ્છએ ઘરવપરાશના નવા વીજ જોડાણ માટે અરજી કરેલ હતી. જેનો કોલ પી.જી.વી.સી.એલ. કચેરી દ્વારા અપાયેલ. જે અરજદાર દ્વારા તા.૨૭/૧૦/૨૦૧૪ના રોજ ભરપાઈ કરેલ. પરંતુ અરજદારનું વીજમીટર આજ દિન સુધી લાગેલ નથી. આ બાબતે ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૧.૧ સદર કેસ બાબતે અરજદારને લેખિતમાં જાણ કરવા છતાં પણ અરજદાર શ્રી કે તેમના કોઈ પ્રતિનિધિ હાજર રહેલ નથી. સદર કેસની લેખિત રજુઆત નીચે મુજબ છે.

૧.૨ અરજદાર શ્રી સતુભા જોરૂભા જાડેજા ગામ: રામવાવ, તા.- રાપર, જી. કચ્છએ ઘરવપરાશના નવા વીજ જોડાણ માટે અરજી કરેલ હતી. જેનો કોલ પી.જી.વી.સી.એલ. કચેરી દ્વારા અપાયેલ. જે અરજદાર દ્વારા તા. ૨૭/૧૦/૨૦૧૪ના રોજ ભરપાઈ કરેલ. પરંતુ અરજદારનું વીજમીટર આજ દિન સુધી લાગેલ નથી.

૧.૩ અરજદાર શ્રી સતુભા જોરૂભા જાડેજાનું વીજમીટર લગાવેલ નથી અને પીજીવીસીએલ દ્વારા અરજદારને છેલ્લા બે વર્ષથી વીજબીલ આપવામાં આવેલ છે.

૧.૪ અરજદાર શ્રી ને વીજચોરીનું બીલ આપવામાં આવેલ છે. જે બીલ ખોટું હોઈ અરજદારે આજ દિન સુધી ભરપાઈ કરેલ નથી. આ બીલ રદ કરવા રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજુઆત ::

૨.0 સુનાવણી સમયે સામાવાળા શ્રી જે.વાય.રાવ,કા.ઇ.,પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી,ભચાઉ તેમજ શ્રી એન.પી.મહેતા, ના.ઈ., પી.જી.વી.સી.એલ., પેટાવિભાગીય કચેરી, રાપર રૂબરૂમાં હાજર રહેલ અને જણાવેલ કે,

૨.૧ અરજદાર શ્રી સતુભા જોરૂભા જાડેજા રહે: રામવાવએ જી.યુ.વી.એન.એલ. ચેકીંગ દરમ્યાન વીજ અધિનિયમ - ૨૦૦૩ની કલમ ૧૩૫થી વીજચોરીનો ગુનો તા. ૦૮-૦૬-૨૦૧૮ના રોજ નોંધાયેલ છે. જે વિરુધ્ધ તેઓશ્રીએ ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં તા. ૧૫-૦૬-૨૦૧૮ના રોજ અરજી કરેલ છે.

૨.૨ અરજદાર શ્રી સતુભા જોરૂભા જાડેજા વીજવપરાશમાં ગેરરીતિ કરતાં માલૂમ પડેલ. જે અંગે તેઓશ્રીને વીજળી અધિનિયમ - ૨૦૦૩ની કલમ ૧૩૫ હેઠળ પુરવણી બીલ આપવામાં આવેલ. જે બીલ અંકે રૂ.૧૩,૧૮૪.૯૩ છે.(ચોરીની રકમ રૂ. ૧૨,૧૮૪.૯૩ + રૂ. ૧,000 કમ્પાઉન્ડીંગ ચાર્જ)



Scanned by CamScanner

૨.૩ અરજદાર શ્રી સતુભા જોરૂભા જાડેજાએ ૧૩૫ની કલમ હેઠળ આપવામાં આવેલ બીલ ભરપાઈ કરેલ નથી. સદર રકમ ભરપાઈ ન થાય ત્યાં સુધી વીજ કનેક્શન મળવાપાત્ર થતું નથી. સદર રકમ ભરપાઈ કર્યા બાદ વીજ કનેક્શનની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

:: હુકમ ::

૩.૦. સુનાવણી સમયે રજૂઆત કરનારની તેમજ સામાવાળાની લેખિત રજૂઆત તેમજ રજુ કરેલ દસ્તાવેજી પુરાવાના આધારે નીચે મુજબ નાં તારણ પર આવી શકાય.

૩.૧ અરજદારશ્રી સતુભા જોરૂભા જાડેજાના જણાવ્યા મુજબ તેમણે વર્ષ ૨૦૧૪માં ભાવપત્રકની રકમ તા. ૨૭/૧૦/૨૦૧૪ના ભરપાઈ કરેલ છે. પરંતુ આજ દિન સુધી તેમને વીજકનેક્શન મળેલ નથી.

૩.૨ પી.જી.વી.સી.એલ.ના જણાવ્યા મુજબ આ અરજદારશ્રીનું કનેકશન 'B' કેટેગરીમાં આવે છે અને તે માટે વીજ થાંભલા પણ ઉભા કરેલ છે. પરંતુ ગ્રાહક દ્વારા વાયરિંગ કરવા દેવામાં આવેલ નથી. પરિણામ સ્વરૂપ આ કનેક્શન આપી શકાયેલ નથી.

૩.૩ અરજદારશ્રીના વીજ સ્થાપનના ૦૮/૦૬/૨૦૧૮ના ચેકીંગ દરમ્યાન તેઓ ડાયરેક્ટ પાવર ચોરી કરતા હોઈ તેમને રૂ.૧૨,૧૮૪.૯૩ નું પાવરચોરીનું પુરવણી બીલ તેમજ રૂ. ૧,૦૦૦/- કમ્પાઉન્ડીંગનું બીલ આપવામાં આવેલ છે. જે બીલ ગ્રાહક દ્વારા આજ દિન સુધી ભરપાઈ કરવામાં આવેલ નથી.

૩.૪ અરજદારશ્રીના દ્વારા એસ્ટીમેન્ટ ભરપાઈ થયાને આશરે ૪ વર્ષ જેટલો સમય થઈ ગયો છે. તેથી સીજીઆરએફ ઓમ્બુસ્મેન્ટ રેગ્યુલેશન ૨૦૧૧ની કલમ ૨.૩૦(iii) મુજબ આ કેસ બે વર્ષ જૂનો હોઈ ફોરમના કાર્યક્ષેત્રમાં આવી શકે નહિં.

૩.૫ તદઉપરાંત આ કેસ પાવરચોરીનો કેસ હોવાથી સીજીઆરએફ ઓમ્બુસ્મેન્ટ રેગ્યુલેશન ૨૦૧૧-ની કલમ ૨.૩૦(ii)મુજબ આ કેસ ફોરમના કાર્યક્ષેત્રમાં આવી શકે નહિ.

૩.૬ તેમ છતાં ન્યાયના હિતમાં પાવરચોરીનું પુરવણી બીલ પી.જી.વી.સી.એલ.ના પ્રવર્તમાન નિયમ મુજબ ભરપાઈ કરવામાં આવે તો તેમણે અગાઉ ભરેલ એસ્ટીમેટના અનુસંધાને થાંભલાનું વાયરીંગ કરીને કનેક્શન રીલીઝ કરવાની પીજીવીસીએલને સૂચના આપવામાં આવે છે. આમ અરજદારની ફરિયાદનો નિકાલ કરવામાં આવે છે.

એ.એસ.માંડલિયા
મેમ્બર ટેક

Joshi Nitinbhai
એન. એચ. જોષી
સ્વતંત્ર મેમ્બર

નોંધ:

PG-001-006-2018-19



Scanned by CamScanner

1c Replacement of HV/LV rod, flat gasket,

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુ જબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯

Certified Copy

CGRF, PGVCL, BHUJ

PG-001-006-2018-19



Scanned by CamScanner